# એકમ કસોટી

| | |
|---|---|
| ધોરણ :- 11 | કુલ ગુણ :- 25 |
| વિષય :- જીવવિજ્ઞાન | સમય :-1 કલાક |
| વિષય કોડ :- 056 | માધ્યમ : ગુજરાતી |

## વિભાગ - A

➢ માગ્યા મુજબ ઉત્તર આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ) [05]

1) જૈવિકપ્રદીપ્યતા, નીચેના પૈકી કયા સમુદાયનું નોંધનીય લક્ષણ છે.

(A) દંશકો (B) પૃથુકૃમિ (C) કંકતધરા (D) મૃદુકાય

2) વ્યાખ્યાયિત કરો: (a) નિયમિત પુષ્પ , (b) જરાયુવિન્યાસ

3) ખાલી જગ્યા પૂરો:

(i) ............ જોડાણ પાસ પાસેના કોષોને એકબીજાથી જોડવાનું કાર્ય કરે છે.

4) વૈજ્ઞાનિક નામ આપો: (i) અળસિયું (ii) દેડકો

5) સૂક્ષ્મકાય રચનાઓ શું છે ?

## વિભાગ – B

➢ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (દરેક પ્રશ્નનો 2 ગુણ) [06]

6) બેવડું પટલ ધરાવતી બે અંગિકાઓના નામ જણાવી, આ અંગિકાઓની બે-બે લાક્ષણિકતાઓ જણાવો.

7) અળસિયામાં જોવા મળતી ઉત્સર્ગીય રચના જણાવો. આ રચનાઓના પ્રકાર, નામ અને તેઓ ક્યા ખંડમાં જોવા મળે છે તે જણાવો.

8) એલિયમ સેપા માટે પુષ્પાકૃતિ દોરો.

અથવા

આકૃતિ સહ વર્ણવો : ધારાસ્પર્શી કલીકાંતરવિન્યાસ

## વિભાગ – C

➢ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (દરેક પ્રશ્નનો 3 ગુણ) [09]

9) વિહંગમાં ઉડ્ડયન માટેના રૂપાંતરો જણાવો.

અથવા

તફાવત આપો : કાસ્થિમત્સ્ય અને અસ્થિમત્સ્ય

10) પુષ્પાસન પર પુષ્પીય ચક્રોના સ્થાનને આધારે પુષ્પ પ્રકાર આકૃતિ સહ વર્ણવો.

11) કોષરસ પટલનું ફ્લુઈડ – મોઝેઈડ મોડલ આકૃતિ સહ વર્ણવો:

## વિભાગ – D

➢ નીચેના આપેલ પ્રશ્નનો ઉત્તર આપો. (પ્રશ્ન 5 ગુણનો છે.) [05]

**12)** નામનિર્દેશિત આકૃતિ દ્વારા વિવિધ અધિચ્છદ પેશીઓનું વર્ણન કરો. (કોઈ પણ પાંચ)

**અથવા**

(i)વર્ણવો : અળસિયાનું પાચનતંત્ર. (આકૃતિ જરૂરી નથી)

(ii) સંપૂર્ણ પાચનતંત્ર દર્શાવતા દેડકાની આંતરિક રચનાનું આકૃતિમય નિરૂપણ આપો.